| | |
|---|---|
| | રજુ તારીખ : ૦૯–૦૩–૨૦૨૬<br>દાખલ તારીખ : ૦૯–૦૩ –૨૦૨૬<br>ફેંસલ તારીખ : ૧૨– ૦૩ –૨૦૨ ૬<br>અવધિ : દિવસ માસ વર્ષ |
| | |

**<u>ફોજદારી પરચુ.અરજી નં. ૧૮૫/૨૦૨૬.</u>**

<u>આંક–</u>

## જુનાગઢના સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. જુનાગઢ.

**<u>અરજદાર</u>** **રામશીભાઈ સ/ઓ. રામભાઈ વિરમભાઈ બારડ**
ઉ.વ.૨૦, ધંધો–ડ્રાઈવીંગ
રહે. ૧૦૨, અમુલ એપાર્ટમેન્ટ
એ–વીંગ, મધુરમ બાયપાસ,
જુનાગઢ.
હાલ: જિલ્લા જેલ, જુનાગઢ.

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

**<u>સામાવાળા.</u>** ધી સ્ટેટ ઓફ ગુ જ રા ત

---

અરજદાર/આરોપી તરફે વિ.વકીલ : શ્રી જે.આર.જોશી
સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. : શ્રી ડી.સી.ઠાકર

---

**વિષય : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

**<u>–: ઠ રા વ :–</u>**

**(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

**૧.૧** આ કામમાં જે એફ.આઈ.આર. રજુ છે તેમાં કોલમ નં.૧૨ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે

'' આ ગુનાની હકીકત એવી છે કે, ''આ કામના આરોપીઓએ ઉપરોકત તારીખ, સમય, સ્થળે આ કામના ફરીયાદીના દિકરા મરણજનાર દિવ્યાંગ ઉર્ફે યશ વિનોદભાઈ ઉર્ફે વિનુભાઈ ચુડાસમા ઉ.વ.૨૮ વાળો ગઈ કાલ તા. ૨૦/૧૦/૨૦૨૫ ના રોજ દિવાળીના દિવસે તેમની જુનાગઢ મધુરમ બાયપાસ રોડ ઉપર આવેલ સાંઈ સર્વિસ સ્ટેશન નામના ગૅરેજની આગળ આવેલ ડીલક્ષ નામ ની દુકાન પાસે તેમના મિત્રોની સાથે ફટાકડા ફોડતો હોય દરમ્યાન ગૅરેજની સામે આવેલ અમુલ એપાર્ટમેન્ટ નિચે પણ અન્ય વ્યક્તિઓ ફટાકડા ફોડતા હોય જેમાંથી ફરીયાદીના દિકરો જે બાજુ ફટાકડા ફોડતો હોય ત્યાં સુતળીબમ ફેંકતા જે મયુર ભાઈના નાના દિકરાની પાસે ફુટતા જે બાબતે સુતળીબમ ફેંકનારને આ રીતે ફટાકડા નહી ફોડવાનું કહેતા આરોપી રાજુ હુણ તથા કેવલ જોષી બન્ને ફરીયાદીના દિકરા પાસે આવી તેમને ગાળો આપી ઝપાઝપી કરેલ જેમા ફરીયાદીના દિકરાનો સોનાનો ચેઇન તુટી જતા આ બાબતે ફરીયાદીનો દિકરો આરોપીઓને કહેવા જતા અગાઉ ફરીયાદીના દિકરા સાથે ઝપાઝપી કરનાર બન્ને આરોપીઓ તથા જૂનાગઢ મધુરમ બાયપાસ અમુલ એપાર્ટમેન્ટમાં રહેતા આરોપી રામભાઈ બારડ તથા તેની પત્ની તથા તેમનો દિકરો રામશી મળી પાંચેય વ્યક્તિઓએ ફરીયાદીના દિકરાને ભુંડી ગાળો આપી આરોપી રામભાઈ બારડએ તેમના દિકરાને લાકડી લઈ આવવાનુ કહેતા તેમનો દિકરો આરોપી રામશી ઘરમાંથી લાકડી લઈ આવી ફરીયાદીના દિકરા દિવ્યાંગ તથા તેના મિત્રો નિસીત વાઘેલા તથા હર્ષ પરમારને માર મારેલ અને આરોપી રામભાઈની પત્નીએ ફરીયાદીના દિકરા દિવ્યાંગ ઉર્ફે યશને ધક્કો મારતા તે નિચે પડી ગયેલ અને પછી અગાઉ આવેલ બન્ને આરોપીઓ રાજુ હુણ તથા કેવલ જોષીમાંથી કોઇ પાસે લોખંડના પાઈપ જેવુ હથીયાર હોય તેના વડે ફરીયાદીના દિકરા દિવ્યાંગને ડાબા ખંભા ઉપર જીવલેણ ઘા મારી તેમનું મોત નીપજાવી તમામ આરોપીઓએ ગે.કા. મંડળી રચી મરણજનારને ભુંડી ગાળો આપી, તેમની સાથે જપાજપી કરી સાહેદોને લાકડી વડે મારમારી અધિક જિલ્લા મેજી.સા.જૂનાગઢના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી તમામે ગુન્હો કર્યા બાબત.''

**૧.૨** ઉપરોકત હકીકતના આધારે જુનાગઢ સી–ડીવીઝન પો. સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૦૩૦૦૪૨૫૦૫૬૫/૨૫, બી.એન.એસ. ની કલમ–૧૦૩(૧),૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૦, ૧૧૫(૨), ૨૯૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ છે અને આરોપી તે ગુના સંદર્ભે જયુડીશ્યલ કસ્ટડીમાં હોવાથી હાલની જામીન અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ જામીન મળવા અરજી કરવામાં આવેલ છે.

**(૨) જામીન અરજીની હકીકત :**

આરોપી તરફે જામીન અરજીમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''**૨.૧** આ કામમાં અમો અરજદારની આપ સાહેબની કોર્ટમાં હાલની આ રેગ્યુલર પ્રથમ જામીન અરજી છે.

**૨.૨** આ કામમાં સમગ્ર ફરીયાદની એફ.આઈ.આર. ની હકીકત ધ્યાને લેવામાં આવે તો બનાવ તા.૨૧/૧૦/૨૦૨૫ ના રોજ રાત્રીના ૦૧:૦૦ કલાકે બનેલા બનાવની ફરીયાદ તે જ દિવસે ૧૧:૧૫ કલાકે કરવામાં આવેલ છે જેથી હાલની ફરીયાદ આશરે ૧૦ કલાક મોડી કરવામાં આવેલ છે અને આ મોડી ફરીયાદ કરવાનું કોઈ કારણ ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવેલ નથી.

**૨.૩** આ કામ ચલાવવાની સતા આપ નામદાર સાહેબને હોય જેથી હાલની આ જામીન અરજી આપ સાહેબની કોર્ટમાં કરવા ફરજ પડેલ છે અને આ કામ ચાલતા ઘણો લાંબો સમય લાગે તેમ છે.

**૨.૪** આ કામના સમગ્ર બનાવમાં ફરીયાદી બનાવ નજરે જોનાર નથી જેથી ફરીયાદમાં માત્ર અમો અરજદારનું નામ લખાવી દીધેલ હોવાનું પ્રાઈમાફેસી ફલીત થાય છે.

**૨.૫** આ કામમાં મરણ જનારની પી.એમ. નોટ જોવામાં આવે તો અમો અરજદારે કોઈ ઈજા પહોંચાડેલ હોય અને ફરીયાદમાં અમો પાસે પાઈપ બતાડેલ છે જયારે સમગ્ર ચાર્જશીટમાં અમો અરજદાર પાસેથી પંચનામાંની વિગતે લાકડી કબજે કરાયેલ છે. આ સીવાય કોઈપણ તીક્ષ્ણ કે બોથડ પદાર્થ કબજે લેવાયેલ નથી.

**૨.૬** આ કામમાં ઈજા પામનાર નિશીત અને હર્ષના મેડીકલ સર્ટીફીકેટમાં પાંચ થી સાત લોકોએ લાકડી વડે વાસાના ભાગમાં તથા જમણા હાથમાં ઈજાઓ કરેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ મરણ જનારના શરીર ઉપર ઈન્કવેસ્ટ પંચનામાંની વિગતે સ્પષ્ટ જણાવેલ છે કે "આશરે દોઢથી બે ઈંચનો ઈજા એક છાતીના ભાગે થયેલ છે જેથી એ સ્પષ્ટ હકીકત જણાઈ આવે છે કે મરણ જનારનું મૃત્યુ સ્ટેબ વુડ ધ્વારા થયેલ હોય તેવુ સ્પષ્ટ છે.

**૨.૭** આ કામમાં પી.એમ. નોટની હકીકત અને ફરીયાદની હકીકત જોવામાં આવે તો મરણ જનારનું મૃત્યુ લાકડી કે પાઈપ ધ્વારા થયેલી ઈજાથી નહી પરંતુ ધારદાર તીક્ષ્ણ હથીયારથી થયેલ હોવાનું પ્રાઈમાફેસી ફલીત થાય છે.

**૨.૮** આ કામમાં આરોપી કેવલ પીયુષભાઈ જોષીને નામ. ગુજરાત હાઈકોર્ટે ફો.પ.અ.નં.૩૨૭૦/૨૦૨૬ થી જામીન મુકત કરેલ છે તથા અન્ય આરોપી રાજુ અરજણભાઈ હુણ ને જુનાગઢના નામ. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટે ફો.પ.અ.નં.૧૩૧/૨૦૨૬ થી તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ જામીન મુકત કરેલ છે તથા અન્ય આરોપી રામભાઇ વિરમભાઇ બારડને ફો.પ.અ.નં.૧૬૪/૨૦૨૬ થી તા. ૫–૩–૨૬ ના રોજ જુનાગઢના નામ. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબે જામીન મુકત કરેલ છે.

**૨.૯** અમો અરજદાર કોઈ ગુન્હાહીત પ્રવૃતિ સાથે સંકળાયેલ નથી અને કયાંય નાસી કે ભાગી જઈએ તેવા માણસ નથી તેમજ જુનાગઢ મુકામે કાયમી રહેણાંક અને સ્થાવર અને જંગમ મીલ્કત પણ ધરાવીએ છીએ.

**૨.૧૦** આ કામમાં સંપુર્ણ તપાસ પુર્ણ થઈ ગયેલ હોય અને ફોજદારી કેસ નં.૧૩૦/૨૦૨૬ થી ચાર્જશીટ પણ ફાઈલ થઈ ગયેલ છે અને જે કેસ કમીટ થઈ જતા હાલ આપ નામ. સાહેબની કોર્ટમાં ચાલવા ઉપર છે. જેના સેસન્સ કેસ નં.૪/૨૦૨૬ છે.

**૨.૧૧** અમો અરજદાર જામીન મુકત થઈએ તો તપાસને કોઈ નુકશાન પહોંચે તેમ નથી. જેથી સંજયચંદ્ર વિ. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશનના રીપોર્ટેડ (૨૦૧૨) ૧ SCC–૪૦ તથા ગુડી કાંતી નરસીમુલુહ વિગેરે વિરૂધ્ધ પબ્લીક પ્રોસીકયુટર્સ પીએફ આંધ્રપ્રદેશના રીપોર્ટ ૧૯૭૮(૧) SCC–૨૪૦ ના સિધ્ધાંતોને ધ્યાને લઈ તથા "BAIL IS RULE AND JAIL IS EXCEPTION" તથા મનીષ સીસોદીયા

વિરૂધ્ધ સ્ટેટમાં રજુ થયેલ નામ. સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને રાખી તેમજ પ્રિટ્રાયલ કન્વીકશન રોકવાના સિધ્ધાંતોને ધ્યાને રાખી અમો અરજદારને જામીન મુકત કરવા યોગ્ય અને ન્યાયોચીત જણાઈ આવે તો આપ નામ. કોર્ટ ફરમાવો તેટલી શરતોનું પાલન કરવા અને આપ નામ. કોર્ટ ફરમાવો તેટલી રકમના જામીન આપવા તૈયાર અને ખુશી હોય જેથી જામીન મુકત કરવા નમ્ર અરજ છે.''

**(૩) ત.ક.અમલદારનું સોગંદનામુ :–** તપાસ કરનાર અમલદારે આંક–૬થી સોગંદનામુ રજુ કરેલ છે તેમાં પેરા–૩૬ વિશેષ વિગતમાં બનાવ કઇ રીતે બન્યો વગેરેની વિગત રજુ કરેલી છે અને તે નીચે મુજબ છે.

''**૩.૧** આ કામેના અરજદાર/આરોપી દોડીને રોડ ક્રોસ કરી મરણ જનાર તથા સાહેદોને મારતો જોવામાં આવે છે. અને ઉશ્કેરાટ કરેલ હોય તેમજ મરણ જનારને ઢીકાપાટ્ટુનો માર મારેલ હોય જેથી અરજદાર/આરોપી ગંભીર ગુનોને અંજામ આપેલ હોય અને આ ગુનાનો શરૂઆત અરજદાર/આરોપીથી થયેલ હોય ગુનો બનવાનુ મુખ્ય સુત્રધાર અરજદાર/ આરોપી હોય જે હકિકત જોતા આ કામેના અરજદાર/આરોપીને રેલ્યુલર જામીન ઉપર મુકત કરવાનમાં આવશે તો નાશી ભાગી જશે અને આ કામે નજરે જોનાર સાહેદોને બહાર આવી યેન કેન પ્રકારે ફોડવાના પુરા પ્રયત્નો કરશે અને કેશને નુકશાન થાય તેવા પ્રયત્નો કરશે જેથી અરજદાર/ આરોપીના રેગ્યુલર જામીન નામંજુર કરવા વિનંતી છે.

**૩.૨** આ કામનો અરજદાર/આરોપી ગુનાહિત માનસિકતા ધરાવે છે. પોતે કોઇ સભ્ય સમાજને શોભે તેવુ કોઇ કામ ધંધો કે વ્યવસાય કરતો નથી અને ગંભીર પ્રકારના ગુન્હાઓ આંચરી જામીન ઉપર મુક્ત થયે પોતાની ગુન્હાહીત પ્રવૃતી ચાલુ રાખેલ છે. અને ફરીથી આ ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ હોય આમ, અરજદાર આરોપી ગુન્હાહીત માનસીકતા ધરાવતો હોય. તેને જો જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો તે તેની ગે.કા. પ્રવ્રુતી ફરીથી ચાલુ કરશે અને તેની આ ગે.કા. પ્રવ્રુતીને વધુ વેગ મળશે અને તે પોતાની ગે.કા. પ્રવ્રુતી સતત ચાલુ રાખશે. તેમજ બીજા ગુનેગારોને પણ આવી ગે.કા. પ્રવ્રુતી કરવા પ્રોત્સાહન મળશે. તેમજ આવી ગે.કા.

પ્રવૃતિ કરતાં અન્ય ઇસમોને પ્રોત્સાહન મળે જે આમ જનતા હીતમાં તેમજ ન્યાયનાં હિતમાં ન હોય જેથી અરજદાર/આરોપીના જામીન નામંજુર કરવા વિ. છે.

**૩.3** આ કામે અરજદાર/આરોપીના આવા ગંભીર ગુનામાં રેગ્યુલર જામીન મંજુર કરવામા આવશે તો આમ જનતાને કાયદા ઉપરથી વિશ્વાસ ઉઠી જશે અને તેની આમ જનતા ઉપર ખરાબ અસર પડશે અને અન્ય આરોપીઓ આવા ગંભીર ગુનાઓ કરવા માટે પ્રેરાશે અને આમ આવા ગુન્હાઓ વધે તેવી પુરી શકયતા છે. જેથી આ કામના અરજદાર/આરોપીના જામીન મંજુર કરવા ન્યાયના હિતમાં નથી.''

## (૪) આરોપીના વિ. વકીલશ્રીની દલીલ :

**૪.૧** અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીએ દલીલોમાં જામીન અરજીની હકીકતોને મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે.

## (૫) વિ. એ.પી.પી.શ્રીની દલીલ :

**૫.૧** વિ. એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના અરજદારનો એકટીવ રોલ પ્રથમદર્શનીય રીતે પુરવાર થાય છે તેથી જામીન અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે.

## (૬) જામીન અરજી નિર્ણિત કરવાના કારણો :

**:૧:** આ કામમાં આરોપી સામે જુનાગઢ સી–ડીવીઝન પો. સ્ટે. ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૦૪૨૫૦૫૬૫/૨૫, બી.એન.એસ. ની કલમ–૧૦૩(૧),૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૦, ૧૧૫(૨), ૨૯૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર્ડ થયેલ છે.

**:૨:** આ કામમાં હાલના આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧),૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૦, ૧૧૫(૨), ૨૯૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો આક્ષેપ છે.

**:3:** .આ કામમાં હાલની જામીન અરજી રામશીભાઈ સ/ઓ રામભાઈ વિરમભાઈ બારડની છે અને તપાસ કરનાર અમલદારે બનાવ સ્થળના સીસીટીવી ફુટેજ જોયા બાદ નીચે મુજબની હકીકત સોગંદ ઉપર જણાવેલ છે.

''આ કામે બનાવવાળી જગ્યા અમુલ એપાર્ટમેન્ટ માથી સી.સી.ટી.વી. ફુટેજ મેળવવામાં આવેલ છે. જેમા આરોપીઓ હથીયાર સાથે આવતા જતા જોવામાં આવેલ છે. જે સી.સી.ટી.વી ફુટેજ સાહેદ કિશનભાઇ કેતનભાઇ ભટ્ટએ રજુ કરેલ છે. જેમા તા.૨૧/૧૦/૨૦૨૫ ક.૦૧-૪૩-૩૯ વાગ્યે અમુલ એપાર્ટમેન્ટ વિગ- એ માથી આરોપી રામભાઇ બારડ ખુલ્લા ડીલે નિચે આવી એપાર્ટમેન્ટમાથી બહાર જતા જોવામાં આવેલ તેમજ ક.૦૧-૪૫-૧૫ વાગ્યે મહીલા આરોપી જયશ્રીબેન રામભાઇ બારડ અમુલ એપાર્ટમેન્ટ વિગ- એ માથી નિચે આવે છે. જેને સફેદ કલર જેવી ચુદડી ઓઢેલ છે. જે એપાર્ટમેન્ટમાથી બહાર જતા જોવામાં આવેલ. તેમજ ક. ૦૧-૪૫-૪૬ આરોપી રામશી રામભાઇ બારડ દોડીને એપાર્ટમેન્ટમાં આવે છે અને એ-વિગમા ઉપર જાય છે. જે ક.૦૧-૪૬-૧૮ વાગ્યે એ વિગમાથી નીચે આવે છે. અને રામશીના હાથમાં એક મોટી કડીયાળી લાકડી લઇ એપામેન્ટની બહાર જતો જવામાં આવેલ. તેમજ ક.૦૧-૪૭-૧૫ વાગ્યે આરોપી રાજુ અરજણભાઇ હુણ તથા મહીલા આરોપી જયશ્રીબેન આવે એપાર્ટમેન્ટમાં અંદર આવે છે. જેમા રાજુએ પહરેલ ટી-શર્ટ ટુટેલ જોવામાં આવેલ છે. તેમજ મહીલા જયશ્રીબેનએ પોતાની સફેદ કલરની ચુદડીમાં પોતાનો ડાબો હાથ છુપાવેલ હોય અને જે હાથમાં કાંઇક વસ્તુ પકડી છુપાવેલ હોય તેવુ જોવામાં આવેલ. એ વિગમાં ઉપર જાય છે. તેમજ ક.૦૧-૪૭-૨૩ વાગ્યે રામશી પોતાની સાથે કડીયાળી લાકડી સાથે લઇ આવેલ અને એ વિગમાં ઉપર જતો જોવામાં આવેલ તેમજ ક.૦૧-૪૭-૩૭ વાગ્યે રામભાઇ ખુલ્લા ડીલે આવી એ વિગમાં ઉપર જાય છે. તેમજ ક.૦૨-૦૨-૩૦ વાગ્યે એક મો.સા. એપાર્ટમેન્ટમાં આવે છે. જેમા પાછળ બેઠેલ ઇસમ આરોપી કેવલ જોષી જે કાળા કલરનુ ટી-શર્ટ પહેરેલ જોવામાં આવે છે. જે સી.સી.ટી.વી. ફુટેજની પેનડ્રાઇવ સાહેદએ રજુ કરેલ તેમજ ડી.વી.આર. કબ્જે કરી એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે મોલવામાં આવેલ છે. જેનો અભિપ્રાય આવવાનો બાકી છે.

આ કામે બનાવવાળી જગ્યાથી થોડે આગળ સેન્ટર પ્લાઝા કોમ્પલેક્ષ ચોથા માળે જી.એસ.ટી. સેવા કેન્દ્ર ખાતે થી સી.સી.ટી.વી. ફુટેજ મેળવવામાં આવેલ જે સી.સી.ટી.વી. ફુટેજ સાહેદ અભય પંડયાએ પંચોની હાજરીમાં જોતા ક.૧૭/૦૧/૨૫ વાગ્યે આરોપી કેવલ પીયુષભાઇ જોષી રહે જુનાગઢવાળો અમુલ એપાર્ટમેન્ટ બાજુથી રોડ ક્રોસ કરી આવતો જોવામાં આવેલ બાદ ક.૧૭/૦૧/૫૦ વાગ્યે ત્રણ ઇસમો આવતા જોવામાં આવેલ જેમા એક આરોપી રામશી રામભાઇ બારડ જોવામાં આવેલ તેમજ ક.૧૭/૦૨/૧૬ વાગ્યે આરોપી રાજુ હુણ આવેલ અને મરણજનાર તથા સાહેદો સાથે જપાજપી થવા લાગેલ તેમજ ક.૧૭/૦૨/૫૭ વાગ્યે આરોપી રામભાઇ બારડ જે ખુલા ડીલે આવેલ અને રોડની બાજુમાં જપાજપી તથા મારામારી થતી હોય તે જોવામાં આવેલ અને બીજા માણસો વચ્ચે આવી જતા ક.૧૭/૦૪/૦૦ વાગ્યે તમામ આરોપીઓ સામે જતા રહેલ

જોવામાં આવેલ અને ક.૧૭/૦૪/૫૫ વાગ્યે મરણજનાર દિવ્યાંગ ઉર્ફે યસ તેમનો ચેઈન બાબતે વાતચીત કરવા રોડની સામેની બાજુ સાહેદો સાથે જતો જોવામાં આવે અને ક.૧૭/૦૫/૧૭ વાગ્યે આરોપી રામશી લાકડી વાડે સાહેદો તથા મરણજનારને મારતો જોવામાં આવેલ તેમજ ક.૧૭/૦૫/૨૭ વાગ્યે મહીલા આરોપી જયશ્રીબેન રામભાઇ બારડ આવેલા અને તમામ આરોપીઓ મરણજનાર તથા સાહેદોને ઢીકાપાટુ મારતા જોવામાં આવેલ અને આરોપી જયશ્રીબેનએ મરણજનારને કોઇ વસ્તુના ધા મારતા મરણજનાર નિચે પડી ગયેલ જોવામાં આવેલ અને ત્યાર બાદ તમામ આરોપી જતા રહેલ અને સાહેદો મરણ જનારને મો.સા.માં બેસાડી સારવારમાં લઇ જતા જોવામાં આવે છે. જે સી.સી.ટી.વી. ફુટેજ જી.એસ.ટી. સેવા કેન્દ્રના કર્મચારી બી.જે.વિંચીએ રજુ કરેલ છે.''

**:૪:** આમ, ઉપરોકત વિગત જોતા હાલના અરજદાર દોડીને એપાર્ટમેન્ટમાં આવી કડીયાળી લાકડી લઈ એપાર્ટમેન્ટની બહાર નીકળતા જોવા મળે છે અને વધુમાં એવી વિગત આવે છે કે,

''અને ક.૧૭/૦૫/૧૭ વાગ્યે આરોપી રામશી લાકડી વાડે સાહેદો તથા મરણજનારને મારતો જોવામાં આવેલ તેમજ ક.૧૭/૦૫/૨૭ વાગ્યે મહીલા આરોપી જયશ્રીબેન રામભાઇ બારડ આવેલા અને તમામ આરોપીઓ મરણજનાર તથા સાહેદોને ઢીકાપાટુ મારતા જોવામાં આવેલ અને આરોપી જયશ્રીબેનએ મરણજનારને કોઇ વસ્તુના ધા મારતા મરણજનાર નિચે પડી ગયેલ જોવામાં આવેલ અને ત્યાર બાદ તમામ આરોપી જતા રહેલ અને સાહેદો મરણ જનારને મો.સા.માં બેસાડી સારવારમાં લઇ જતા જોવામાં આવે છે. જે સી.સી.ટી.વી. ફુટેજ જી.એસ.ટી. સેવા કેન્દ્રના કર્મચારી બી.જે.વિંચીએ રજુ કરેલ છે.''

**:૫:** જે પી.એમ. રીપોર્ટ છે તેની કોલમ નં. ૧૭ માં નીચે મુજબની ઈજા આવે છે.

**"1. 8 CM x 2.1 CM x 3.5 CM SIZE INCISED WOUND (MUSCLE DEEP) SEEN ON UPPER ASPECT OF LEFT SHOULDER REGION 3 CM ABOVE LEFT CLAVICLE LYING OBLIQUELY. IT IS CUTTING SKIN, S.C. TISSUES, MUSCLES AND NEURO-VASCULAR STRUCTURES. MARGINS ARE CLEAN CUT WITH CLOTTED BLOOD ON THE MARGINS. ON PROBING WITH SOFT PROBE THE UPPER END OF INJURY IS A STAB INJURY WITH CAVITY DEEP STAB WOUND MEASURING 2 CM x 1.8 CM x 7CM SIZE. ON DISSECTION IT IS CUTTING SKIN, S.C. TISSUES, MUSCLES AND NEURO-VASCULAR STRUCTURES AND MAKING A 1 CM SIZE CUT ON UPPER LOBE OF LEFT LUNG. DIRECTION OF WOUND IS DOWNWARDS, SLIGHTLY BACKWARDS AND SLIGHTLY LEFT TO RIGHT. MARGINS ARE**

**CLEAN CUT WITH CLOTTED BLOOD ON THE MARGINS. UPPER ANGLE IS SLIGHTLY RAGGED BUT SHARPLY CUT, LOWER ANGLE IS SHARP CUT.**

**2. 4 CM x 1.2 CM x 6.5 CM SIZE RED COLOUR STAB WOUND (CAVITY DEEP) SEEN ON ANTERO-LATERAL ASPECT OF LEFT CHEST LYING OBLIQUELY AT LEVEL OF NIPPLE, 3CM LATERAL TO NIPPLE. IT IS CUTTING, SKIN, S.C. TISSUES, MUSCLES & NEURO-VASCULAR STRUCTURES AND THEN MAKING A SMALL CUT ON LOWER BORDER OF RIB NO. 5 AND UPPER BORDER OF RIB NO. 6, THEN MAKING 1.2 CM SIZE CUT ON LATERAL ASPECT OF LEFT LUNG. DIRECTION OF WOUND IS LEFT TO RIGHT & SLIGHTLY BACKWARDS. MARGINS ARE CLEAN CUT WITH CLOTTED BLOOD ON THE MARGINS. UPPER ANGLE IS SLIGHTLY RAGGED BUT SHARPLY CUT, LOWER ANGLE IS SHARP CUT.**

**3. 4 CM SIZE DIFFUSE SWELLING SEEN IN OCCIPITAL REGION."**

અને સીસીટીવી જોયા બાદ જે સોગંદનામુ કરેલ છે તેમાં તપાસ કરનાર અમલદારે સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપીને લાકડી વડે મરણ જનારને મારતો જોયેલ છે અને વધુમાં આ આરોપીના માતાએ ગુજરનારને ઘા મારેલા છે તેવી હકીકત સીસીટીવી જોયા બાદ જણાવેલી છે.

**:૬:** આ બનાવમાં આરોપી કેવલભાઈની જામીન અરજી આ અદાલતે નામંજુર કરતા નામ. વડી અદાલતે મંજુર કરેલી અને તેમાં આ આરોપી કેવલભાઈ પાસે કોઈ હથિયાર જોવામાં આવેલ ન હતુ તેવુ ઓબ્ઝર્વેશન નામ. વડી અદાલતે કરેલુ અને તેના આધારે અન્ય બે આરોપીઓ રામભાઈ વિરમભાઈ અને રાજુભાઈને તેઓની પાસે કોઈ હથિયાર ન હોવાથી જામીન ઉપર મુકત કરેલ હતા અને હાલના કેસમાં અરજદાર પાસે લાકડી છે અને તપાસ કરનાર અમલદારના સોગંદનામા મુજબ ગુજરનારને કડીયાળી લાકડી વડે આ આરોપીએ માર મારેલ છે અને તે સંજોગોમાં જામીન ઉપર મુકત થયેલ આરોપીઓનો રોલ અને હાલના આરોપીનો રોલ અલગ છે. બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) જેવો હાલના આરોપી સામે પણ ગંભીર આરોપ છે અને તે સંજોગોમાં જયારે કડીયાળી લાકડી વડે ગુજરનારને મારતા જોવા મળેલ છે તેવી હકીકત સીસીટીવીના આધારે સોગંદ ઉપર તપાસ કરનાર અમલદારે જણાવી

છે ત્યારે આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેની ગંભીર અસર સમાજ ઉપર પડે તેમ છે અને સમાજ ઉપર પડનાર અસરનુ પલ્લુ આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા કરતા નમતુ જોવા મળે છે તેથી આરોપીની જામીન અરજી મંજુર કરવી ન્યાયીક જણાતું ન હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**: : હુ ક મ : :**

(૧) અરજદાર/આરોપી રામશી સ/ઓ.રામભાઈ વિરમભાઈ બારડ, રહે. જુનાગઢ નાઓની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબની જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ:– આજ તા. ૧૨મી, માહે. માર્ચ, સને ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તા.૧૨/૦૩/૨૦૨૬
સ્થળ: જુનાગઢ

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૪૬૯)